## આકાશવાણી-ભુજ

## સમાચાર વાચક:- કૃપાલી મહિચ્છા

## કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:૨૪-૦૫-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

# ચુંટણી-છઠ્ઠો તબક્કો

લોકસભાની શનિવાર, આવતીકાલે 25 મે ના રોજ યોજાનારી છઠ્ઠા તબક્કાની ચૂંટણી માટેનો જાહેરપ્રચાર ગઈકાલે સાંજે પૂરો થયો છે. હવે આ તબક્કાના ઉમેદવારો મતદારોનો વ્યક્તિગત સંપર્ક કરીને પ્રચાર કરી રહ્યા છે.

છઠ્ઠા તબક્કાની ચૂંટણીમાં સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની લોકસભાની કુલ 58 બેઠકો માટે મતદાન થશે. જેમાં બિહારની 8, હરિયાણાની તમામ 10, જમ્મૂ કાશ્મીરની 1, ઝારખઁડની 4, દિલ્હીની તમામ 7, ઓડિશાની 6, ઉત્તર પ્રદેશની 14 અને પશ્ચિમ બંગાળની 8 લોકસભા બેઠકો માટે મતદાન થશે. આ બેઠકો પર 889 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

**(RNU અમદાવાદ)**

---

# કિર્ગીસ્તાન

રાજ્ય સરકારે કિર્ગીસ્તાનમાં અભ્યાસ કરવા ગયેલા ગુજરાતના 100 જેટલા વિદ્યાર્થીઓની સલામતી સુનિશ્ચિત કરવા કેન્દ્રના વિદેશ મંત્રાલય સાથે ચર્ચા વિચારણા કરવાનો નિર્દેશ મુખ્ય સચિવને આપ્યો છે. કિર્ગિસ્તાનમાં ભારતીય વિદ્યાર્થીઓ પર હુમલાઓ થવાની વધી રહેલી ઘટનાને પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મુખ્ય સચિવ રાજકુમારને આ મુજબ નિર્દેશ આપ્યો છે.

મુખ્ય સચિવ રાજકુમારે ભારત સરકારના વિદેશ મંત્રાલય અને કિર્ગિસ્તાનના રાજદૂતાવાસનો સંપર્ક કરીને આ વિદ્યાર્થીઓને સલામત વતન પરત લાવવાની વ્યવસ્થાઓની વિગતો મેળવી હતી.

તેમણે જણાવ્યું હતું કે, કિર્ગિસ્તાનમાં મેડિકલ અને અન્ય વિદ્યાશાખામાં ઉચ્ચ અભ્યાસ માટે ગુજરાત સહિત ભારતના ૧૭ હજાર જેટલા વિદ્યાર્થીઓ ગયા

છે. કિર્ગિસ્તાન સ્થિત ભારતીય રાજદૂતાવાસ ત્યાંની યુનિવર્સિટીઝ અને વરિષ્ઠ સરકારી અધિકારીઓ સાથે સતત સંપર્કમાં છે. ત્યાંની પ્રવર્તમાન સ્થિતિમાં વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન ક્લાસીસ શરૂ કરાયા છે. એટલું જ નહીં, પણ ભારતીય વિદ્યાર્થીઓને વતન પરત લાવવા વિમાન ઉડ્ડયનો શરૂ કરાયા છે.

કિર્ગિસ્તાનમાં રહેલા ભારતીય વિદ્યાર્થીઓ રાજદૂતાવાસનાં સંપર્કમાં રહીને તેમની વિગતો આપી શકે તે માટે બે હેલ્પલાઈન નંબર ૦૫૫૭૧૦૦૪૧ અને ૦૫૫૦૦૫૫૩૮ પણ ૨૪ કલાક કાર્યરત કરવામાં આવી છે.

**(RNU અમદાવાદ)**

---

## હવામાન

રાજ્યમાં છેલ્લા ચાર પાંચ દિવસથી ફરી વળેલું ગરમીનું મોજુ યથાવત રહ્યું છે અને હવામાન વિભાગે ગરમીનું મોજું આગામી પાંચ દિવસ સુધી ઉત્તર અને મધ્ય ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના ઘણા વિસ્તારોમાં યથાવત રહેવાની સંભાવના દર્શાવી છે.

રાજ્યમાં છેલ્લા 36 કલાકમાં 14થી વધુ જગ્યાએ મહત્તમ તાપમાન 40 ડીગ્રી કે તેથી વધુ નોંધાયું છે. અમરેલી, સુરેન્દ્રનગર, અમદાવાદ, કંડલા એરપોર્ટ અને ગાંધીનગરમાં મહત્તમ તાપમાન સૌથી વધુ 45 ડિગ્રી સેલ્શિયસ નોંધાયું છે. આ ઉપરાંત ભાવનગર, રાજકોટ, વલ્લભવિદ્યાનગર અને વડોદરામાં 44, ભૂજ અને ડીસામાં 43 ડિગ્રી જ્યારે મહુવા, કેશોદ અને સુરતમાં 42 ડિગ્રી સેલ્શિયસ મહત્તમ તાપમાન નોંધાયું છે.

હવામાન વિભાગે રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં હવામાન ગરમ અને ભેજવાળું રહેવાની તેમજ અન્ય સ્થળોએ તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર આગામી પાંચ દિવસમાં નહીં થવાની સંભાવના દર્શાવી છે.

**(RNU અમદાવાદ)**

---

## CM-સલામતી તીવ્ર મોજા

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એક સોશિયલ મિડીયા પોસ્ટમાં રાજ્યમાં ફરી વળેલા ગરમીના તીવ્ર મોજાની સ્થિતિમાં લોકોને સાવચેતી, સલામતી અને સતર્કતા રાખવા અપીલ કરી છે.

તેમણે વધુમાં કહ્યું છે કે, આકરા તાપમાં રાજ્યના નાગરિકોના આરોગ્યની સલામતી જળવાય અને ગરમીની અસરથી લોકોને બચાવી શકાય તે માટેનું આયોજન પણ રાજ્ય સરકાર સંબંધિત વિભાગો સાથે કરી રહ્યું છે.

તેમણે તેમના સંદેશમાં લોકોને અનુરોધ કર્યો છે કે, તડકામાં ઘરની બહાર નીકળવાનું ટાળવું જોઇએ. ખાસ જરૂરી હોય તો જ બહાર નીકળવું. ભારે ગરમીના કારણે તકલીફ પડે તો તાત્કાલિક આરોગ્ય કેન્દ્ર- દવાખાનાનો સંપર્ક કરવો.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## હેન્ડલુમ

ભારત સરકારશ્રીના વસ્ત્ર મંત્રાલય દ્વારા સંચાલિત ધી ઇન્ડિયન ઇન્સ્ટીટયૂટ ઓફ હેન્ડલૂમ ટેકનોલોજી, જોધપુર(રાજસ્થાન) ખાતે જુલાઇ-૨૦૨૪થી શરૂ થતાં ત્રણ વર્ષના ડિપ્લોમાં ઇન હેન્ડલૂમ ટેકનોલોજી કોર્ષમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા તથા લાયકાત ધરાવતા ઉમેદવારોએ અરજી પત્રકમાં જરૂરી પ્રમાણપત્રોની નકલો સાથે કમિશ્નર, કુટીર અને ગ્રામોદ્યોગ, ગાંધીનગરનો સંપર્ક સાંધવાનો રહેશે.

**(માહિતી ખાતુ)**

---------------------------------------------------------------------